# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-10-2023** **Evening : 7.10 to 7.20**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- રાજ્ય સરકાર 157 નગરપાલિકાઓને માર્ગોને થયેલા નુકસાનની મરામતના કામો માટે 100 કરોડ રૂપિયા ફાળવશે.
- ઉદ્યોગમંત્રી બળવંત સિંહ રાજપુતની ઉપસ્થિતીમાં પાટણમાં "વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ પાટણ" કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે 100 કરોડના એમઓયુ કર્યા..
- આવતીકાલથી ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે.
- રાજ્યમાં ટપાલ વિભાગ દ્વારા આવતીકાલથી 13 ઓક્ટોબર સુધી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે..
- 2થી 8મી ઓક્ટોબર દરમિયાન યોજાયેલા વન્યપ્રાણી સપ્તાહ અને નશાબંધી સપ્તાહનું સમાપન...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM- NAGARPALIKA GRANT

રાજ્ય સરકાર 157 નગરપાલિકાઓને માર્ગોને થયેલા નુકસાનની મરામતના કામો માટે 100 કરોડ રૂપિયા ફાળવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ચોમાસામાં વરસાદને કારણે નગરોમાં માર્ગોને થયેલા નુકસાનની મરામત માટે મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત આ રકમ ફાળવવામાં આવશે.

૧૦૦ કરોડ રૂપિયાની આ રકમમાંથી 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓને પ્રત્યેકને ૧ કરોડ રૂપિયા પ્રમાણે ૨૨ કરોડ રૂપિયા તેમજ 'બ' વર્ગની 30 નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ ૮૦ લાખ રૂપિયા પ્રમાણે કુલ ૨૪ કરોડ રૂપિયા, 'ક' વર્ગની ૬0 નગર પાલિકાઓને પ્રત્યેકને ૬0 લાખ રૂપિયા મુજબ કુલ ૩૬ કરોડ રૂપિયા અને 'ડ' વર્ગની ૪૫ નગરપાલિકાઓને નગરપાલિકા દીઠ ૪0 લાખ રૂપિયા પ્રમાણે કુલ ૧૮ કરોડ રૂપિયા રોડ મરામતના કામો માટે ફાળવવામાં આવશે.

## DAYANAND SARASWATI JAYANTI

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની 200મી જન્મજયંતિ નિમિત્તે અમદાવાદ ખાતે આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા ઇવેન્ટ સેન્ટર રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે આજે ભવ્ય રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.. આર્યવીર દળ અને આર્યવીરાંગના દળ દ્વારા માર્ચ પાસ્ટ કરવામાં

આવી હતી. તથા પધારેલ મહાનુભાવોને ગાર્ડ ઓફઓનર આપવામાં આવ્યું હતું.

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે તેમનો ભવ્ય સમાપન સમારોહ ઓક્ટોબર, 2025ના અંતમાં આંતરરાષ્ટ્રીય આર્ય મહા સંમેલનના સ્વરૂપમાં ઉજવવામાં આવશે.

## VIBRANT GUJRAT- VIBRANT PATAN

ઉદ્યોગમંત્રી બળવંત સિંહ રાજપુતની અધ્યક્ષતામાં પાટણ જીલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત, વાયબ્રન્ટ પાટણ સમિટ યોજાઇ, જેમાં પાટણના ઉદ્યોગકારોએ રાજ્ય સરકાર સાથે 100 કરોડના એમઓયુ કર્યા છે, જેના કારણે 285થી વધુ વ્યક્તિઓને રોજગારી મળી રહેશે.

આ તકે, મંત્રીશ્રી રાજપુતે જણાવ્યું હતું કે, વાયબ્રન્ટ સમિટના કારણે ગુજરાત આજે વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે અને છેલ્લા 20 વર્ષમાં સૌથી વધુ રોજગારી ગુજરાત સરકારે આપી છે. ગુજરાત રાજ્ય 18 ટકા ઉત્પાદન કરે છે જ્યારે 33 ટકા જેટલી નિકાસ કરીને ગુજરાત અગ્રેસર બન્યું છે.

વાયબ્રન્ટ ગુજરાત- 2024ની પ્રિ-ઇવેન્ટ સમાન આ સમિટમાં મધ્યમ અને નાના ઉદ્યોગકારો તેમજ રોકાણકારોને માર્ગદર્શન આપ્યું. આ સાથે ઉદ્યમ રજીસ્ટ્રેશન, સિંગલ વિન્ડો ક્લિયરન્સ એક્ટ, એમએસએમઇ અને આત્મનિર્ભર ગુજરાત સ્કીમ- 2022 સહિતની વિવિધ યોજનાઓની પણ ઝીણવટભરી માહિતી અપાઇ હતી.

મહત્વનું છે કે, આ સમિટમાં વાજપાઇ બેન્કેબલ યોજના અને સ્ટાર્ટઅપ લોન સહાય સહિતની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને મંત્રીશ્રીના હસ્તે લોનસહાયના ચેક એનાયત કરાયા હતા.

# SOLAR - I KHEDUT PORTAL

આવતીકાલથી ખેડૂતો માટે આઇ ખેડૂત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવશે. રાજ્યના ખેડૂતો ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ કરી શકે તે માટે સોલાર પાવર યુનિટ, કીટની ખરીદીમાં નાણાકીય સહાય મેળવવા માટે ખેડૂતો આવતીકાલથી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકશે..

આ યોજના હેઠળ રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતોને વ્યક્તિગત ધોરણે જેમણે કાંટાળી તારની વાડ બનાવવા માટે લાભ લીધો ન હોય તેને સોલાર ફેન્સીંગ બનાવવા કુલ ખર્ચના ૫૦ ટકા અથવા ૧૫ હજાર રૂપિયા, બે માંથી જે ઓછું હોય તે મુજબ સહાય મળશે. આ માટે ખેડૂતોએ વહેલા તે પહેલાના ધોરણે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. સહાય માટે ખેડૂતને પૂર્વ મંજૂરી મળ્યા બાદ ૬૦ દિવસમાં ઓનલાઈન અરજીની પ્રિન્ટ સાથે કિટની ખરીદી અંગેના જરૂરી આધાર પુરાવા ખેડૂતે સંબંધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને રજૂ કરવાના રહેશે.

# NATIONAL POST WEEK

રાજ્યમાં ટપાલ વિભાગ દ્વારા આવતીકાલથી 13 ઓક્ટોબર સુધી રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.. જેના ભાગરૂપે સુરત ટપાલ વિભાગ દ્વારા પોસ્ટલ વિભાગની વિવિધ યોજનાઓ અને તેના લાભો વિશે લોકોને માહિતગાર કરવામાં આવશે.

સુરત ટપાલ વિભાગ દ્વારા રાષ્ટ્રીય ટપાલ સપ્તાહ નિમિત્તે વિશ્વ ટપાલ દિવસ, સેવિંગ બેંક દિવસ, મેઇલ્સ દિવસ, ફિલાટેલી દિવસ અને વેપાર વાણિજ્ય દિવસની ઉજવણી કરાશે. આ સાથે ગ્રામ્ય, અંતરિયાળ અને શહેરી પછાત વિસ્તારમાં નવા આધારકાર્ડ બનાવવા તેમજ અપડેટ કરવા વિવિધ કેમ્પનું આયોજન કરવામાં આવશે.

## VANY PRANI SPTAH

૨થી ૮મી ઓક્ટોબર દરમિયાન યોજાયેલા વન્યપ્રાણી સપ્તાહના આજે અંતિમ દિવસે વિવિધ જીલ્લાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

જે અંતર્ગત ક્યાંક પ્લાસ્ટીકનો બચાવ તો ક્યાંક વન્ય પ્રાણી ફોટો પ્રદર્શન જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તો સુરત જિલ્લામાં ૧૦૪ દીપડા, પક્ષીઓની ૨૩૬ પ્રજાતિઓ અને વૃક્ષોની ૧૨૬ પ્રજાતિઓ દીપડાઓની સંખ્યામાં ૧૪૫ ટકાનો વધારો નોંધાયો છે.

માનવજાતિનું અસ્તિત્વ ટકાવી રાખવા વન્યપ્રાણીઓ, જંગલો અને વનસંપદાની કાળજી રાખવી આપણા સૌ માટે અનિવાર્ય બની ગઇ છે.

રાજ્ય સરકારે સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે ગુજરાતના તમામ અભયારણ્ય-રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારોને ૧૦૦ ટકા પ્લાસ્ટિક ફ્રી બનાવવાનો લક્ષ્યાંક મુક્યો છે.

વનવિભાગ દ્વારા વનકર્મીઓ, પ્રકૃત્તિ સંરક્ષકો અને જાગૃત્ત નાગરિકોને તાલીમ આપવાની સાથોસાથ તેમની સારી કામગીરી માટે સન્માનિત પણ કરવામાં આવ્યા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં વન વિભાગ દ્વારા મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું, જેમાં હજારો લોકો જોડાયા હતાં. 5 કિલોમીટરની દોડ સિલવાસ ચાર રસ્તાથી શરૂ થઈ હતી, જે ટકરપાડામાં સંપન્ન થઈ હતી. વિજેતાઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા..

આણંદ જીલ્લામાં વન્ય પ્રાણી સપ્તાહ અંતર્ગત સારસ પક્ષીના સંવર્ધન માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી, જેમાં સારસની સંખ્યા જળવાઇ રહે તે માટે કુદરતી નિવાસસ્થાનોને સુરક્ષિત રાખવા, તેનો શિકાર ન થાય અથવા તો વીજળીના તાર સાથે તે અથડાય નહીં તેની તકેદારીના પગલાં ભરવા,કારખાનાનું સારસ પક્ષી પીવામાં ન આવે તેનું ધ્યાન રાખવું તથા તેના ઇંડાનો નાશ ન થાય તેવું આયોજન કરવા માટેના કામો હાથ ધરાયા હતા.

સારસ પક્ષીની લુપ્ત થતી જાતિના રક્ષણ માટે વનવિભાગ તરફથી સારસનાં ઈંડાંના રક્ષણ માટે ખેડૂતોને રોકડ વળતર આપવાની યોજના પણ ઘડવામાં આવી છે. જેને પરિણામે ગુજરાતમાં સારસની સંખ્યા 1,300થી વધીને 1,600 થઈ છે.

# NASHABANDHI SPHAT

રાજ્યભરમાં બીજી ઓક્ટોબરથી યોજાયેલા નશાબંધી સપ્તાહનું આજે સમાપન થયું છે. પાટણ જિલ્લામાં નશાબંધી સપ્તાહની ઉજવણી અંતર્ગત નશાબંધી અને વ્યસન મુક્તિ અંતર્ગત વિવિધ શાળા- કોલેજો અને શિક્ષણ

સંકુલોમાં વિવિધ કાર્યક્રમો યોજીની માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે નશાબંધી અને આબકારી અધિક્ષક એસ. કે. દવે દ્વારા "રાજ્યની નશાબંધી નિતિ અને માનવ સુખાકારી" વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

## MARI MATI, MARO DESH

આણંદના બોરસદ ખાતે વિધાનસભાના નાયબ મુખ્યદંડક રમણ સોલંકીના અધ્યક્ષસ્થાને મારી માટી- મારો દેશ અભિયાન અંતર્ગત અમૃત કળશ યાત્રા યોજાઇ રહી છે.

આજે બોરસદ તાલુકાના રાસ, સૈજપુર, વાસણા-રાસ, બનેજડા, કાંધરોટી, કણભા, અમીયાદ અને દિવેલ સહિતના ગામોમાં 'અમૃત કળશ' યાત્રા યોજાઈ હતી. આ યાત્રા દરમિયાન મહાનુભાવોએ અમૃત કળશ માટે ગ્રામજનો પાસેથી માટી-ચોખા એકત્રિત કર્યા હતા. વિવિધ ગામોમાંથી ગામના સરપંચ, અગ્રણીઓ પદાધિકારીઓ તેમજ ગ્રામજનોએ ઢોલ નગારાના સ્વાગત સાથે ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

વલસાડના પારડી ખાતે મારી માટી- મારો દેશ કાર્યક્રમ અંતર્ગત નાણામંત્રી કનુ દેસાઈ રથ લઈને પહોંચ્યા હતા. આ અમૃત કળશમાં પવિત્ર માટી નાખીને લોકોએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

## KRUSHI MELO

ડાંગ જીલ્લામાં સુબિર ખાતે કૃષિ મેળો યોજાઇ ગયો.. સુબીરના મોખામાળ ગામે 'ઇન્ટરનેશનલ મિલેટ વર્ષ ૨૦૨૩' ની ઉજવણી અંતર્ગત

'સંકલ્પ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મિલેટસ પાકોના સ્વાસ્થ્યવર્ધક મહત્વ અંગે લોકોમાં જાગૃતિ આવે, તથા વધુમાં વધુ ઉત્પાદનની સાથે તેનો વપરાશ થાય, અને ખેડુતોની આવકમા વધારો થાય તેવો આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ યોજાયો હતો. દરમિયાન પશુ સારવાર શિબિરમાં ૨૩૦ જેટલા પશુઓને સારવાર પુરી પાડવામાં આવી હતી.

પંચમહાલના શહેરા નગરપાલિકા હોલ ખાતે વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડની અધ્યક્ષતામાં કૃષિ મેળો યોજાયો હતો. આ કૃષિ મેળામાં તેમણે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી ઉત્પાદિત કૃષિ પેદાશોના વેચાણ માટે પંચામૃત ડેરીનો ખેડૂતોએ સંપર્ક કરવો.. કાર્યક્રમમાં પાક સંરક્ષણ સાધનો, તાડપત્રી તેમજ વિવિધ યોજનાઓના પેમેન્ટ ઓર્ડર વિતરણ કરવામાં આવ્યા હતા.

## PORBANDAR- CPR TALIM

પોરબંદરમાં ગરબા આયોજકો માટે CPR ટ્રેનીંગ યોજાઇ ગઇ. તાજેતરમાં યુવાનોમાં વધતા જતા હાર્ટએટેકના બનાવોને ધ્યાને લઇને મેડીકલ કોલેજ પોરબંદર તથા રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે આજે મેડીકલ કોલેજ ખાતે CPR ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું..

રાજ્યમાં ગરબાની પ્રેકટીસ દરમિયાન યુવાનોને હાર્ટ એટેકના બનાવો સામે આવ્યા છે ત્યારે નવરાત્રીમાં આવી કોઇ દુ:ખદ ઘટનાઓ ના બને તે માટે ગરબાના આયોજકો માટે CPR ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

## DAMAN- OUTRECH PROGRAM

દમણ ખાતે નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી દ્વારા વિવિધ પૃષ્ઠભૂમિની વ્યક્તિઓને એકસાથે લાવવા માટે “અંડરસ્ટેન્ડિંગ વિથ કલર્સ” થીમ પર એક સપ્તાહ-લાંબા આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.. દમણ જિલ્લામાંથી 10 વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો.

અભ્યાસક્રમ પછી પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં NIFTના ડાયરેક્ટર ડૉ. સંદીપ સચાને જણાવ્યું હતું કે, તેનો ઉદ્દેશ્ય ફેશન અને ડિઝાઇનના ક્ષેત્રમાં પ્રતિભાને ઓળખવાનો અને તેનું સંવર્ધન કરવાનો છે, ખાસ કરીને એવા ક્ષેત્રોમાં જ્યાં આવી તકો મર્યાદિત છે.

## KUTCH- POWER LIFTING

કચ્છ યુનિવર્સીટી દ્વારા દર વર્ષે પાવર લિફ્ટીંગ સ્પર્ધા યોજાય છે ત્યારે આ 2023-24ના વર્ષ માટે પાવર લિફ્ટીંગ સ્પર્ધા ભૂજ ખાતે યોજાશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. કચ્છ યુનિવર્સીટીના કુલ સચિવ જી. એમ. બુટનીએ જણાવ્યું કે, દક્ષિણ અને પશ્ચિમની કોલેજો ભુજની કોલેજો ભુજ ખાતે હોવાથી આ વખતે પહેલી વાર ભુજની પસંદગી કરવામાં આવી છે.

## ANAND- KARUNA AMBULANCE

આણંદ ખાતે ઇએમઆરઆઇ ગ્રીન હેલ્થ સર્વિસ કરુણા એમ્બ્યુલન્સ ૨૦૧૭ માં શરૂઆત કરવામાં આવી હતી તે આજ દિન સુધીમાં કુલ ૧૦ હજાર ૫૭૯ પશુ-પક્ષીઓની સારવાર કરવામાં આવી છે. જેમાં ૭૩૩૭ શ્વાન, ૧૬૬૫ ગાય, ૪૧૦ બિલાડી, ૬૧ બકરી, ૩૫ મોર, ૬૫૮ કબૂતર અને ૧૧૬ વાંદરાઓની જ્યારે અન્ય ૨૯૭ અબોલજીવોની સારવાર કરવામાં આવી છે.

## VALSAD- SEMINAR

રાજ્ય સરકારની વિવિધ યોજનાનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચે તેવા શુભ આશય સાથે વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ધરમપુરના વાલોડ ફળિયા ખાતે સેમિનાર યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરીમાં કાર્યરત જિલ્લા મિશન કો-ઓર્ડીનેટર જિજ્ઞેશ પટેલ દ્વારા બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત- વ્હાલી દિકરી યોજના, મહિલા સ્વાવલંબન યોજના, ગંગા સ્વરૂપા યોજના, ગંગા સ્વરૂપા પુનઃ લગ્ન યોજના, સખી વન સ્ટોપ સેન્ટર સહિત વિવિધ મહિલાલક્ષી યોજનાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

## SURENDRANAGAR- SANKALP SPTAH

સુરેન્દ્રનગરના સાયલા તાલુકામાં 'સંકલ્પ સપ્તાહ ઉજવણી' અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત 'શિક્ષા એક સંકલ્પ' કાર્યક્રમ

યોજાયો. આ પ્રસંગે લીંબડી ધારાસભ્ય કિરીટસિંહ રાણાએ શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનાર શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.એન. મકવાણાએ ઉપસ્થિત કર્મચારીઓને સાયલા તાલુકાના વિકાસ માટે પરિણામલક્ષી કામગીરી કરવા માટે જણાવ્યું હતું.

આ પ્રસંગે સાયલા તાલુકાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં 'સ્વચ્છતા એક સંકલ્પ' અને 'શિક્ષા એક સંકલ્પ' થીમ ઉપર ‘પઢેગી બેટી-બઢેગી બેટી’ વિષય પર વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વાર્તા સ્પર્ધા તેમજ ડિબેટ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.